BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ બ્રૅમ્પટન દ બ્લૅકનોર્થ ઈનિશિએટિવ સાથે જોડાવા વચનબદ્ધ; અશ્વેત રંગભેદ વિરોધી જાતિવાદને દૂર કરવાની પ્રતિબદ્ધતા મજબૂત થઈ

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (17 જૂન 2021) – જુન 16ના રોજ, બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે સર્વાનુમતે બ્લૅકનોર્થ ઈનિશિએટિવ સાથે જોડાવા વચનબદ્ધ થયા.

પહેલ માટે વચનબદ્ધ થવાથી અને તેના પર સહી કરવાથી સીટી ઓફ બ્રૅમ્પટન વિશ્વની 450 કરતા વધુ સંસ્થાઓ સાથે જોડાય છે જઓ અશ્વેત કૅનેડિયનોના જીવનને નકારાત્મક રીતે પ્રભાવિત કરે છે તેવા અશ્વેત રંગભેદ વિરોધી પ્રણાલીગત અવરોધો દૂર કરવા કાર્યરત છે.

આ સહયોગ સિટીના આર્થિક સશક્તિકરણ અને અશ્વેત વિરોધી જાતિવાદ એકમના કામને બળ આપશે જે ઇક્વિટી ઑફિસ હેઠળ કાર્ય કરે છે અને સંસ્થાના બ્રૅમ્પટનના અશ્વેત સમાજ વિશેષજ્ઞોની મજબૂત નેટવર્કને સુલભ બનાવશે, બહોળી નેટવર્ક તકો ઊભી કરશે, માર્ગદર્શન પૂરું પાડશે અને ભાવિ પ્રવૃત્તતાઓ માટે સહયોગ અને ભાગીદારીની તકો ઊભી કરશે.

સિટીએ આપણા શહેરમાં અશ્વેત વિરોધી જાતિવાદને સંબોધિત કરતા પગલાં લેવાનું ચાલું રાખ્યું છે. 10 જૂન 2020ના રોજ, બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે અશ્વેત આફ્રિકન અને કેરિબિઅન સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સશક્તિકરણ અને અશ્વેત વિરોધી જાતિવાદ યુનિટ બનાવતો ખરડો સર્વાનુમતે પસાર કર્યો છે. યુનિટનો હેતુ બ્રૅમ્પટનમાં પ્રણાલીગત અશ્વેત વિરોધી જાતિવાદને નાબૂદ કરવા માટેની ક્રિયા યોજના વિકસિત કરવાનો છે જે સ્થાનિક સમાજના હિસ્સેદારોના માર્ગદર્શન હેઠળ થશે જેનાથી જ બ્રૅમ્પટનના અશ્વેત સમાજનું સામાજિક, આર્થિક, અને સાંસ્કૃતિક ઉત્થાન થશે. ગત વર્ષમાં યુનિટ દ્વારા અનેક સામાજિક અને હિસ્સાધારકોના જોડાણો કરાયા જેથી અશ્વેત સમાજ તેમજ શિક્ષણ અને સરકારી એજન્સીઓ/સંસ્થાઓ સાથે વધુ સારા સંબંધો બાંધવામાં મદદ મળે.

યુનિટે અશ્વેત સમાજ અને હિસ્સાધારકો સાથે મહત્ત્વપૂર્ણ વ્યુહાત્મક અને ઊંડાણપૂર્વક પરામર્શ ચાલુ રાખ્યા છે અને આ બાબત એવા એક એક્શન પ્લાનના વિકાસમાં ચાવીરૂપ ભૂમિકા ભજવશે જે શહેરમાં જે પ્રણાલીગત અવરોધો છે તેને સંબોધિત કરતી પહેલોને ઓળખશે. યુનિટ અંગેની વધુ જાણકારી અહીંથી મળશે brampton.ca/antiblackracism.

**બ્લૅકનોર્થ ઈનિશિએટિવ વિશે**

અશ્વેત વિરોધી પરંપરાગત જાતિવાદ વિરોધી કૅનેડિયન કૌન્સિલ ઓફ બિઝનેસ લિડર્સના નેજા હેઠળ બ્લૅકનોર્થ ઈનિશિએટિવની સ્થાપના 2020માં થઈ જેથી કોર્પોરેટ કૅનેડામાં જોવાતી સ્પષ્ટ અસમાનતાઓને જવાબ આપી શકાય અને અશ્વેત કૅનેડિયનોના જીવન પર નકારાત્મક રીતે પ્રભાવ પાડતા અશ્વેત વિરોધી પરંપરાગત અવરોધો દૂર કરી શકાય. બ્લૅકનોર્થ ઈનિશિએટિવનું મિશન બોર્ડરૂમ્સમાં અને કૅનેડા ફરતેના

એક્ઝિક્યુટિવ સ્વીટ્સમાં અશ્વેત લોકોનું પ્રતિનિધિત્વ વધારવાનું છે. કોર્પોરેટ કૅનેડાના વચનદાતાઓને મદદ પૂરી પાડવા સાથે, બ્લૅકનોર્થ ઇનિશિએટિવએ એવા ઘણાં મુખ્ય પ્રોગ્રામ્સનો વિકાસ કરીને અમલ પણ કર્યા છે જેનો હેતુ ક્ષેત્રોની શ્રેણીઓ ફરતે અશ્વેત કૅનેડિયનોનું સમર્થન કરવાનો છે જેમાં સામેલ છે વ્યવસાય માર્ગદર્શન, હોમઓનરશીપ બ્રિજ પ્રોગ્રામ, અને અશ્વેત યુવાવર્ગ માટે માનસિક આરોગ્ય પ્રોગ્રામ. વધુ જાણવા માટે blacknorth.ca.

**ઇક્વિટી ઓફિસ વિષયક**

પોતાના કર્મચારીઓ અને નાગરિકોની સેવા માટે ઇક્વિટી ઓફિસના પાયા નાંખીને સીટી ઓફ બ્રૅમ્પટન ટર્મ ઓફ કાઉન્સિલ પ્રાયોરિટી મોઝેક છે ને આગળ ધપાવી રહ્યા છે. આર્થિક સશક્તિકરણ અને અશ્વેત વિરોધી જાતિવાદ યુનિટ જ્યાં સ્થિત છે તે ઇક્વિટી ઓફિસ તમામ વ્યક્તિઓ સાથે ન્યાયપૂર્ણ અને સમાન વ્યવહારો સુનિશ્ચિત કરવા કાર્ય કરશે અને બન્નેમાં સિટી એમજ તેના રહેવાસીઓમાં સુમેળભર્યા વાતાવરણને પ્રોત્સાહન આપશે. નવેમ્બર 2019માં સીટી ઓફ બ્રૅમ્પટન દ્વારા નવા પંચવર્ષીય વર્કપ્લેસ ડાઇવર્સિટી એન્ડ ઇન્ક્લુઝન સ્ટ્રેટેજી એન્ડ વર્ક પ્લાનનું લોકાર્પણ થયું જેનાથી એવી તકો ઊભી થઈ જેથી એવી વધુ સમાવેશિત સંસ્થાકીય સંસ્કૃતિને પ્રોત્સાહન મળ્યું જે તેના લોકોને વધાવી લે અને તેમનો વિકાસ કરે અને વૈવિધ્યસભર કાર્યબળને આકર્ષે.

**સુવાક્યો**

"આ વચન સીટી ઓફ બ્રૅમ્પટનની આપણા શહેર્માં રહેલ પરંપરાગત જાતિવાદને સમાપ્ત કરવાની પ્રતિબદ્ધતાનું પુનઃસમર્થન કરે છે. આપણી આર્થિક સશક્તિકરણ અને અશ્વેત વિરોધી જાતિવાદ યુનિટના મહત્ત્વપૂર્ણ કાર્યને આગળ ધપાવવાથી અને તેમની સાથે સઘનપણે કાર્ય કરવાથી આપણને અશ્વેત સમાજમાં પહોંચ મેળવવા અને તેમના પ્રતિ એક બહોળો દ્રષ્ટીકોણ રાખી શકીશું જેથી તેમનો અવાજ સાંભળી શકાય, જાણી શકાય અને વાસ્તવિક, પ્રભાવી પરિવર્તનો આણી શકાય જે આપણા શહેરમાં રહેલ પરંપરાગત અવરોધો દૂર કરવામાં મદદ કરશે."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"ગત વર્ષ દરમિયાન સિટીની આર્થિક સશક્તિકરણ અને અશ્વેત વિરોધી જાતિવાદ યુનિટે પાયો નાંખ્યો છે અને તેઓ ઊંડાણપૂર્વક સમાજ પરામર્શ પ્રક્રિયા કરવા કાર્ય કરી રહ્યા છે, જેનાથી શહેરમાં વિવિધતા મૂળ લઈ શકે તેવી સાકલ્યવાદી પંચવર્ષીય એક્શન પ્લાનના વિકાસમાં સહાયતા મળશે. બ્લૅકનોર્થ ઇનિશિએટિવ જેવી બાહ્ય સંસ્થા સાથે કાર્ય કરીને અને સામાજિક ભાગીદારીઓ ઊભી થાય તે આ યોજનાના વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવશે અને આ યોજનાને આકાર આપવા માટે આપણી મદદ કરશે જેનાથી આ યોજનાને કાર્યરત કરવા માટે વિશેષજ્ઞોની નેટવર્ક પર ભરોસો કરી શકાશે.

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

"બ્લૅકનોર્થ ઇનિશિએટિવ એક વિશાળ ખાલીપાને ઓળખી કાઢે છે અને તેને દૂર કરે છે – કોર્પોરેટ કૅનેડામાં અશ્વેત વ્યવસાયો અને વ્યવસાયિકો માટે સમર્થનની ઊણપ. આનાથી કોર્પોરેશનો અને પ્રભાવકો માટે એક તક ઊભી થાય છે જેથી તેઓ આખા દેશમાં જાતિવાદથી પીડાતા સમુદાયો પરંપરાગત અવરોધો દૂર કરવાની સામાજિક જવાબદારીનું એક સ્તર જાળવી શકે. તેમની અશ્વેત પ્રતિભા, વ્યવસાયો, યુવાવર્ગ અને સમાજની

સફળતા અને સમાવેશિતાની હિમાયત ખરેખર પ્રશંસનીય છે. આ ક્યારેય ન થઈ હોય એવી પહેલ છે અને હું આવનાર સંભાવનાઓ વિશે અતિશય રોમાંચિત છું."

- *ગ્વિનેથ ચેપમેન (Gwyneth Chapman), વરિષ્ઠ સલાહકાર, આર્થિક સશક્તિકરણ અને અશ્વેત વિરોધી જાતિવાદ (Economic Empowerment and Anti-Black Racism), સીટી ઓફ બ્રૅમ્પટન*

"અમે સિટી ઓફ બ્રૅમ્પટનને એવી બીજી સુધરાઈ (મ્યુનિસિપાલિટી) બનવા માટે વધાવી લઈએ છીએ જે બ્લૅકનોર્થ ઈનિશિએટિવ સાથે જોડાઈ, અને પરંપરાગત અશ્વેત વિરોધી જાતિવાદની સમસ્યા અને સમાજમાં તેના અશ્વેત તત્ત્વો પર થતા નકારાત્મક પ્રભાવ પર ધ્યાન આપવા વચનબદ્ધ થઈ. અમે મેયર પેટ્રિક બ્રાઉન (Mayor Patrick Brown)નો તેમજ બ્રૅમ્પટનના સિટી કાઉન્સિલરોનો તેમના નેતૃત્વ માટે આભાર માનીએ છીએ કે તેઓએ નિર્ણાયક ભૂમિકા ભજવીને બ્રૅમ્પટનના અશ્વેત સમાજના સશક્તિકરણ અને ઉત્થાન માટે પ્રતિબદ્ધતા દર્શાવી. અમે આખા દેશની સુધરાઈઓ સાથે મળીને કાર્ય કરવા ઉત્સુક છીએ"

- *વેસ હૉલ (Wes Hall), સંસ્થાપક, દ બ્લૅકનોર્થ ઈનિશિએટિવ*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca